RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 325, Dt.8-4-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પ વિરુદ્ધ ૨૭ દેશોએ જંગ છેડ્યો

## યુરોપીયન સંઘે ટેરિફ વોર છેડી ચૂકેલા અમેરિકા વિરૂધ્ધ એક નવા જંગનું એલાન કર્યુ : યુરોપીયન સંઘનો વળતો પ્રહારઃ અમેરિકી સામાન પર ૨૫ ટકા ટેરિફ મુકવા પ્રસ્તાવ રજૂ કર્યોઃ શરૂ થશે નવું વેપાર યુધ્ધ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે ટેરિફ વોર શરૂ કરી છે ત્યારબાદ સમગ્ર દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. પરંતુ દુનિયામાં કેટલાક દેશો એવા પણ છે જેમણે ટ્રમ્પને ટ્રમ્પની સ્ટાઈલમાં ટક્કર આપવાનો પ્લાન ઘડ્યો છે. ચીને અમેરિકાને આ મામલે અરીસો દેખાડ્યો અને હવે ૨૭ દેશોના ગ્રુપ એટલે કે યુરોપીયન યુનિયને પણ ટ્રમ્પ સામે ટક્કર લેવા માટે કમર કસી છે. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ ઈયુએ સોમવારે કેટલાક અમેરિકી સામાન પર ૨૫ ટકા જવાબી ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ મૂકયો છે. એજન્સીએ દસ્તાવેજોના હવાલે જણાવ્યું છે કે કેટલાક સામાન પર ટેરિફ ૧૬મી મેથી પ્રભાવી થશે.

**કઈ વસ્તુઓ પર લાગશે ટેરિફ**

જ્યારે કેટલાક અન્ય પર પણ આ વર્ષથી લાગૂ થશે. જેમાં હીરા, ઈંડા, ડેન્ટલ ફ્લોસ, પોલ્ટ્રી સહિત અનેક ચીજો સામેલ છે. એવા અહેવાલ છે કે સભ્ય દેશો તરફથી આપત્તિ જતાવ્યા બાદ આ લિસ્ટમાંથી કેટલીક વસ્તુઓ હટાવવામાં આવી છે. બદામ અને સોયાબીન પર ટેરિફ ડિસેમ્બરથી શરૂ થશે. ઈયુના વેપાર પ્રમુખ મારોસ સેફકોવિકે સોમવારે કહ્યું કે આ જવાબી ટેરિફ પહેલા જાહેર ૨૬ બિલિયન યુરો (૨૮.૪૫ બિલિયન ડોલર) ની સરખામણીમાં ઓછી અસર પાડશે. માર્ચમાં તૈયાર કરાયેલી શરૂઆતની લિસ્ટમાંથી બોરબન, વાઈન અને ડેરી ઉત્પાદનોને હટાવવામાં આવ્યા છે.

**ટ્રમ્પની ધમકી**

અગાઉ ઈયુએ બોરબન પર ૫૦% ટેરિફનો પ્લાન ઘડ્યો હતો. ત્યારબાદ ટ્રમ્પે ઈયુના દારૂ પર ૨૦૦% ટેરિફની ધમકી આપી હતી. આ ધમકીથી ફ્રાન્સ અને ઈટલી ખાસ ચિંતિત હતા. કારણ કે તેમની વાઈન ઈન્ડસ્ટ્રી ખુબ મોટી છે. આ



ઉપરાંત ઈયુએ ૧ એપ્રિલથી સ્ટીલ પર રહેલા સુરક્ષા નિયમોને કડકા કર્યા. જેનાથી આયાત ૧૫% ઘટી ગઈ. ઈયુ હવે એલ્યુમિનિયમ માટે આયાત કોટા પર વિચાર કરી રહ્યું છે. આ પ્રસ્તાવ પર ઈયુના સભ્ય દેશો ૯ એપ્રિલે મતદાન કરશે.

**વેપાર જંગની શરૂઆત?**

આ પગલું ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ વિરુદ્ધ ઈયુની રણનીતિનો ભાગ છે. લોકો તેને વેપાર યુદ્ધની નવી કડી ગણી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેટલાક કહે છે કે અમેરિકાએ શરૂ કર્યું, હવે યુરોપ જવાબ આપી રહ્યું છે. તો કેટલાક મજાકમાં કહે છે કે ડેન્ટલ ફ્લોસ સુદ્ધા ન છોડ્યાઁ. હવે જોવાનું એ રહેશે કે આગળ શું થાય છે. પરંતુ હાલ બંન તરફથી ટેરિફની જંગ તેજ થઈ છે.

કમિશને અગાઉ બોરબન પર ૫૦% ટેરિફ લાદવાની યોજના બનાવી હતી, ત્યારબાદ ટ્રમ્પે ઊઅના શરાબ પર ૨૦૦% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ફ્રાન્સ અને ઈટાલી ખાસ કરીને આ ખતરાથી ચિંતિત હતા કારણ કે તેમનો વાઈન ઉદ્યોગ ખૂબ મોટો છે. આ ઉપરાંત ઊઅએ ૧ એપ્રિલથી સ્ટીલ પરના હાલના સલામતી નિયમો કડક કર્યા, જેનાથી આયાતમાં ૧૫% ઘટાડો થયો. કમિશન હવે એલ્યુમિનિયમ માટે આયાત ક્વોટા પર પણ વિચાર કરી રહ્યું છે. ઊઅ સભ્ય દેશો ૯ એપ્રિલે આ પ્રસ્તાવ પર મતદાન કરશે.

**વેપાર યુદ્ધ શરુ?**

આ પગલું ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ સામે ઊઅની વ્યૂહરચનાનો એક ભાગ છે. લોકો આને વેપાર યુદ્ધનો નવો અધ્યાય માની રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકો કહી રહ્યા છે કે, પઅમેરિકાએ શરુઆત કરી, હવે યુરોપ તેનો જવાબ આપી રહ્યું છે, જ્યારે કેટલાક લોકો મજાકમાં બોલી રહ્યા છે કે, પડેન્ટલ ફ્લોસ પણ ન છોડ્યો!થ આગળ શું થાય છે તે જોવાનું બાકી છે, પરંતુ હાલમાં તો બંને બાજુથી ટેરિફ યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે.

## દેશભરમાં કોંગ્રેસને બેઠી કરવા ગુજરાતમાં મંથન

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

અમદાવાદમાં આજથી કોંગ્રેસની CWCની બેઠકનો પ્રારંભ થયો છે. CWCની બેઠકના પ્રારંભે રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ જણાવ્યું કે, કોંગ્રેસ ૧૪૦ વર્ષના ઈતિહાસમાં જે પ્રાંતોમાંથી સૌથી વધુ શક્તિ મળી તેમાં ગુજરાત અવ્વલ છે. આજે અમે ફરી અહીંથી પ્રેરણા અને શક્તિ લેવા આવ્યા છીએ. અમારી અસલી શક્તિ દેશની એકતા-અખંડિતતા તથા સામાજિક ન્યાયની વિચારધારા છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચ્યા. એર ઈન્ડિયાની લંડન ફ્લાઈટમાં બોમ્બ હોવાની અફવાને કારણે બંને નેતાઓ અમદાવાદ પહોંચવામાં અડધો કલાક મોડા પડ્યા હતા. કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ની બેઠક બાદ સાંજે બંને નેતાઓ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. હાલમાં પ્રિયંકા અમદાવાદ પહોંચી નથી.

કોંગ્રેસ અધિવેશનની શરૂઆત કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ની બેઠક સાથે શરૂ થશે. આ બેઠક સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાશે. તેમાં ઈઠઈ સભ્યો તેમજ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, પ્રભારીઓ, પ્રદેશ અધ્યક્ષો, વિપક્ષના નેતા અને અન્ય વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થશે. ૯ એપ્રિલે મુખ્ય અધિવેશન યોજાશે, જેમાં દેશભરમાંથી ૧,૭૦૦થી વધુ કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિઓ ભાગ લેશે. આ કાર્યક્રમ



સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે. અહીં એક VVIP ડોમ બનાવવામાં આવ્યો છે. આ અધિવેશનની થીમ છે, પન્યાયપંથઃ સંકલ્પ, સમર્પણ અને સંઘર્ષ.આ અધિવેશન ગુજરાતમાં સંગઠનને મજબૂત બનાવવા અને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે રોડમેપ તૈયાર કરવાની દિશામાં એક મોટું પગલું હશે.

આ વર્ષે મહાત્મા ગાંધી કોંગ્રેસ પ્રમુખ તરીકે ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ ઉપરાંત, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ પણ છે. બંને મહાનુભાવોનો જન્મ ગુજરાતમાં થયો હતો, તેથી કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં આ અધિવેશનનું આયોજન કરી રહી છે.

## આજે દુનિયાભરનાં માર્કેટો બાઉન્સબેક થયા

**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજારમાં સળંગ ત્રણ દિવસના કડાકાભડાકા બાદ રાતોરાત ચિત્ર બદલાયુ હોય તેમ આજે દુનિયાભરનાં માર્કેટો બાઉન્સબેક થયા હતા. અને જોરદાર તેજી થઈ હતી. જાપાન જેવા દેશોએ અમેરિકા સાથે વાટાઘાટો શરૂ કરી હોવાના રીપોર્ટ તથા ટેરીફ સામે ટ્રમ્પના સમર્થકો જ લાલબતી લાગતા કાંઈક બદલાવ થવાના આશાવાદથી ગભરાટ હળવો થયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત જ ગેપઅપ હતી. ગઈરાત્રે અમેરિકામાં ડાઉજોન્સ તથા નાસ્ડેક કડાકા બાદ વધીને બંધ આવતા હતા તે પછી આજે જાપાન, હોંગકોંગ, ચીન જેવા એશીયન તથા ઓસ્ટ્રેલીયા જેવા દુનિયાના અન્ય શેરબજારોમાં તેજી થતા માર્કેટનો મૂડ બદલ્યો હતો તેના પ્રભાવ હેઠળ ભારતીય શેરબજાર પણ ઉંચુ ખુલ્યુ હતું.

હેવીવેઈટ સહિતના શેરોમાં નીચા મથાળે નવી લેવાલી તથા વેચાણ કાપણીથી ઉછાળો ઝડપી બન્યો હતો. સોમવારનાં કડાકામાં વિદેશી સંસ્થાઓની ૯૦૦૦ કોડની વેચવાલી સામે લોકલ ફંડોએ ૧૨૦૦૦ કરોડથી વધુની જંગી ખરીદી કરી હોવાના રીપોર્ટથી અમુક અંશે રાહત હતી.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ટ્રેડવોર અને ટેરિફ સંબંધી નવા-નવા વિધાનો રિપોર્ટ માર્કેટ પર પ્રભાવ પાડતા રહેશે અને તેના આધારિત મોટી વધઘટનો દોર યથાવત રહેવાની સંભાવના છે.

શેરબજારમાં સોમવારે મોટાભાગનાં શેરો લાલ નિશાન પર હતા તે આજે



'ગ્રીન કલર' દેખાડવા લાગ્યા હતા. તમામ ક્ષેત્રોના શેરો ઉંચકાયા હતા. ટેક મહિન્દ્ર, ટાઈટન, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, અદાણી પોર્ટ, અલ્ટ્રાટ્રેક સીમેન્ટ, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મારૂતી, એનટીપીસી, રીલાયન્સ, સ્ટેટ બેંક, ભારત ઈલે, બીએસઈ, ટાટા સ્ટીલ, શ્રીરામ ફાઈનાન્સ સહિતના શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૧૧૪૪ પોઈન્ટના ઉછાળાથી ૭૪૨૮૨ હતો તે ઉંચામાં ૭૪૪૨૧ તથા નીચામાં ૭૩૯૯૩ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૩૫૧ પોઈન્ટ વધીને ૨૨૫૧૨ હતો. તે ઉંચામાં ૨૨૫૭૭ તથા નીચામાં ૨૨૪૪૬ હતો.બીએસનુ માર્કેટકેપ ૬ લાખ કરોડ વધીને ૩૯૫.૦૨ લાખ કરોડ થયુ હતું.

## ગુજરાતના રાજકારણમાં આગામી સપ્તાહની અંદર ધરખમ ફેરફારો થશે

### નવા મંત્રીઓમાં અર્જુન મોઢવાડીયા, હાર્દિક પટેલ, અમિત ઠાકર, જીતુ વાઘાણી, સી.જે.ચાવડા, જયેશ રાદડિયા, સંગીતા પાટીલ, પંકજ દેસાઈ, ગણપત વસાવા, કાન્તિ અમૃતિયાને સ્થાન

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતના રાજકારણમાં આગામી એક જ સપ્તાહની અંદર ધરખમ ફેરફારો થશે તેવી શક્યતા છે. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ હાલ કેન્દ્રીય કેબિનેટ મંત્રી છે ત્યારે તેઓના સ્થાને હવે નવા પ્રદેશ પ્રમુખ આવશે. જોકે કોણ બનશે પ્રદેશ પ્રમુખ તેને લઈને અનેક નામોની અટકળો ચાલી રાહ છે. ત્યારે ગાંધીનગર થી સુત્રો નઅસાંજ સમાચાર ને જણાવે છે કે આગામી એક સપ્તાહમાં જ પિક્ચર ક્લિયર થશે અને પ્રદેશ સંગઠન અને આ ઉપરાંત નવા મંત્રી મંડળ વિશે પણ જાહેરાત થઈ જશે. નવા મંત્રી મંડળને લઈને મળતી માહિતી અનુસાર હાલ ૧૬ મંત્રીઓ છે, ત્યારે નવા મંત્રી મંડળમાં આમાંથી ૬ જેટલા રહેશે તેના સિવાય અનેક મંત્રીઓને આરામ અપાશે અને તેના બદલે નવા ચહેરો જોવા મળશે. આ નવા ચેહરાઓમાં સૌપ્રથમ બે મોટા નેતાની વાત કરીએ તો કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને સી.જે.ચાવડા છે. આ બંને નેતાની મંત્રી બનાવશે તે રીતે સમજૂતી થઈ હોવાની ચર્ચા છે. આ ઉપરાંત જેતપુર જામકંડોરણા ધારાસભ્ય જયેશ રાદડિયા, સુરતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, ગણપત વસાવા, ભાવનગર ધારાસભ્ય જીતુ વાઘાણી, વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ, નડિયાદ ધારાસભ્ય પંકજ દેસાઈ, મોરબી ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને સ્થાન મળી શકે છે. તો રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદય કાનગડને પણ મહત્વની જવાબદારી ચોક્કસપણે મળશે તેવી માહિતી સુત્રો તરફથી મળી રહી છે. ઉદય કાનગડ હાલમાં ઘણી વખત દિલ્હી પહોંચ્યા હતા અને મોટા નેતાઓને મળ્યા હતા જ્યાં તેમને એકંદરે સંકેત મળી ગયા છે. હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા જે હાલ રાજ્યકક્ષાના મંત્રીઓને કેબિનેટમાં સ્થાન નક્કી છે.



પ્રદેશ પ્રમુખ તરીકે ઓબીસી નેતા નક્કી હોવાનું નિશ્ચિત મનાઈ છે. આ સાથે સૌરાષ્ટ્રમાંથી પ્રદેશ પ્રમુખ હશે તેવું જાણવા મળે છે. આ જોતા જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાનું નામ મોખરે છે. જોકે ભાજપ હંમેશા સરપ્રાઈઝ આપવા માટે પણ માહિર છે અને જીતુ વાઘાણી બાદ જયારે સી.આર.પાટિલના નામની જાહેરાત થઈ ત્યારે પણ સૌના માટે આ નામ નવું હતું અને સરપ્રાઈઝ હતું. આ વખતે પણ પ્રદેશ સંગઠનની જવાબદારી માટે સરપ્રાઈઝ હોય તો નવાઈ નહીં.

## જયપુરમાં હિટ એન્ડ રનની ઘટના : ૯ લોકોને કચડી નાખ્યા

**મુખ્ય સમાચાર,જયપુર**

શહેરમાં એક હાઈ સ્પીડ SUV કારે રસ્તાઓ પર અરાજકતા મચાવી દીધી. શહેરના ભીડભાડવાળા વિસ્તારમાં દારૂના નશામાં ફેક્ટરી માલિકે ૭ કિમી સુધી ઝડપી ગતિએ જબ્બટ ચલાવી.

અનિયંત્રિત કારે કારમાં ચાલીને મુસાફરી કરી રહેલા ૯ લોકોને કચડી નાખ્યા. આ અકસ્માતમાં એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે. ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના સોમવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, શહેરના ખઈ રોડ પર એક ઝડપી કાર વાહનોને ટક્કર મારી રહી હોવાની પ્રથમ માહિતી મળી હતી. આ પછી કાર શહેરની સાંકડી શેરીઓમાં



પ્રવેશી. નાહરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કારે સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું. અહીંથી લગભગ એક કિલોમીટર દૂર, કાર એક સાંકડી ગલીમાં ફસાઈ ગઈ અને લોકોની મદદથી પોલીસે આરોપી ડ્રાઈવરને પકડી લીધો. એડિશનલ ડીસીપી (ઉત્તર) બજરંગ સિંહ શેખાવતે જણાવ્યું હતું કે આરોપી ડ્રાઈવર, ઉસ્માન ખાન (૬૨) એ લગભગ ૫૦૦ મીટરના વિસ્તારમાં સૌથી વધુ અકસ્માતો કરાવ્યા હતા. નાહરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંતોષ માતા મંદિર પાસે, આરોપી ચાલકે પહેલા સ્કૂટર-બાઈકને ટક્કર મારી અને પછી રસ્તા પર પડેલા લોકોને કચડીને ભાગી ગયો. આરોપીઓએ પોલીસ સ્ટેશનની બહાર પાર્ક કરેલા વાહનોને પણ ટક્કર મારી હતી.

## ચીન પર નાખવામાં આવેલ વધારાના ટેરીફ સામે મસ્કનો વિરોધ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ છેડેલા ટેરીફ વોર અને હવે ચીને લાદેલા ટેરીફ સામે વધુ ૫૦% ટેરીફ લાદવાની કરેલી જાહેરાત બાદ એક તરફ ટ્રમ્પ પોતાના ટેરીફ યુદ્ધમાં આગળ વધવા મકકમ હોવાના સંકેત મળે છે.

તો બીજી બાજુ હવે ટ્રમ્પના ખાસ સાથીદાર અને ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વમેન્ટ ઓફ એફીસીયન્સીના વડા એલન મસ્કે પ્રમુખ ટ્રમ્પને વ્યક્તિગત ધોરણે ચીન પર જે નવા ૫૦% ટેરીફ લાદવાની જાહેરાત કરી છે તેનો વિરોધ કરી તે નિર્ણય પાછો ખેંચવા અપીલ કરી છે.

મસ્કે તેમના સોશ્યલ મીડીયા પોષ્ટમાં પણ આ પ્રકારે ૫૦% જેવા વધારાના ઉંચા ટેરીફથી અમેરિકામાં રોજબરોજના જીવનનો ખર્ચ અને વ્યાપારી ખર્ચ પણ અત્યંત વધી જશે તેવો ભય વ્યક્ત કર્યો છે. મસ્કે આ ઉપરાંત યુરોપીયન સંઘ સામે પણ ટ્રમ્પે જે તલવાર ખેંચી છે.

તેની ટીકા કરતા કહ્યું હતું કે અમેરિકા-યુરોપ વચ્ચે ફ્રી મેડ ઝોન જેવી સ્થિતિ હોવી જોઈએ. તેઓએ ટ્રમ્પની ટેરીફ નીતિના ઘડનારાઓની પણ વ્યાપક ટીકા કરી હતી. ટ્રમ્પનું આ વલણ જે રીતે તેની કાર કંપની ટેસ્લા હવે અમેરિકા અને યુરોપમાં વિરોધનો સામનો કરી રહી છે તેનું પરિણામ હોઈ શકે છે. ટેસ્લાના શેરના ભાવમાં પણ મોટા ઘટાડો થયો છે.

મસ્કે તેઓ વ્યક્તિગત ધોરણે ટ્રમ્પને આ વિનંતી કરી છે. મસ્કે તેના ઉદ્યોગપતિ મિત્રો સાથેની ખાનગી વાતચીતમાં પણ સ્વીકાર્યુ કે આ ટેરીફ ચીન કરતા અમેરિકાને વધુ નુકશાન કરશે તેવો અહેવાલ વોશિંગ્ટન પોષ્ટે આપ્યો છે. બીજી તરફ હવે અમેરિકાની પ્રેસીડેન્ટ ઈલેકશનમાં ખુલ્લી રીતે ટ્રમ્પને ટેકો



આપનાર જેવી મોર્ગનના વડા જેની ડીપોને પણ તેમના રોકાણકારો સમક્ષ ટેરીફ વોર પર ચિંતા દર્શાવીને કહ્યું હતું કે અમેરિકી ટેરીફ અને વૈશ્વિક ટેરીફ વોર એ અમેરિકાના અર્થતંત્રને જ ધીમુ પાડશે.

ફુગાવો વધારશે અને તેના લાંબા નકારાત્મક પરિણામો આવશે. ૧૯ વર્ષથી જે.પી.મોર્ગનનું નેતૃત્વ કરી રહેલા શ્રી ડીપોનની આ ટીપ્પણી મહત્વની છે અને અમેરિકી કોર્પોરેટ ક્ષેત્રમાં તે એક મહત્વનો વ્યક્તિ ગણાય છે. તેમનો અભિપ્રાય પણ નવજનથ ધરાવે છે. તેઓએ મંદીની પણ આશંકા વ્યક્ત કરી હતી. તેમના પુર્વ અમેરિકન અબજોપતિ એકમેન જેણે ટ્રમ્પની પ્રમુખપદની ઉમેદવારીને સમર્થન આપ્યુ હતું. તેઓએ પણ ટેરીફ વધારો સ્થગીત કરી વ્યાપાર વાટાઘાટો શરૂ કરવા અપીલ કરી છે.

## સોનાની આયાત છેલ્લા એક દાયકાનાં સર્વોચ્ચ સ્તરે પહોંચી

### અમદાવાદ એરકાર્ગો કોમ્પ્લેકસમાં નાણાં વર્ષમાં ૧૪૪.૪૧ ટન સોનાની આયાત

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

સોના પ્રત્યે ભારતીયોનો મોહ જાણીતો છે.ઉંચા ભાવ છતા સોનાની ચમકમાં કોઈ ઝાંખપ લાગતી નથી. તેમ ડીમાંડમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદ એરકાર્ગો કોમ્પ્લેકસમાં સોનાની આયાત છેલ્લા એક દાયકાનાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. ગત નાણાં વર્ષમાં ૮૨.૯ ટકા વધીને ૧૪૪.૪૧ ટન નોંધાઈ હતી.

સોનાની આ આયાત છેલ્લા ૧૦ વર્ષની સૌથી વધુ હતી આ પૂર્વે ૨૦૧૫ માં ૧૫૨.૨૪ ટનની આયાત નોંધાઈ હતી. ૧૦ વર્ષનાં ગાળામાં જબરજસ્ત ભાવ વધારો થતો હોવા છતાં સોનુ ચમકતુ જ રહ્યું છે. ૧૦ ગ્રામ સોનાનો ભાવ તાજેતરમાં ૯૪૦૦૦ ને પણ આંબી ગયો હતો તે અત્રે ઉલ્લેખનીય છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે ગોલ્ડન બોનાન્ઝા પાછળનુ કારણ વૈશ્વિક અનિશ્ચિતતા છે. અમેરિકન ટેરીફ, વ્યાજદરમાં ઘટાડો રશીયા-યુક્રેન તથા ઈઝરાયેલ હમાસ વચ્ચેનું યુદ્ધ સહિતના અનેકવિધ કારણોએ તેજી સર્જી હતી.વિશ્વભરની સેન્ટ્રલ બેન્ક લાંબા વખતથી ખરીદી કરતી હોવાનું પણ તેજી પાછળનું મોટુ કારણ બન્યુ હતું. ગુજરાત મારફત આયાતનું આકર્ષણ ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રકચર ગણાય છે.

ઈન્ડિયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશનનાં ડાયરેકટર, હરેશ



આચાર્યનાં કહેવા પ્રમાણે રીટેઈલ ખરીદી ઉપરાંત સોનામાં ઈન્વેસ્ટમેન્ટ માટેની ખરીદી પણ વધી રહી છે. ફ્રી ટ્રેડ વેરહાઉસીંગ ઝોન ઉપરાંત ગીફટ સીટીમાં ઈન્ડીયા ઈન્ટરનેશનલ બુલીયન એકસચેંજ કાર્યરત હોવાથી આયાત વધુ સરળ છે. સીઈપીએ કરાર હેઠળ એક ટકાનું ડ્યુટી ડીસ્કાઉન્ટ મળતુ હોવાનાં કારણોસર ગુજરાત સોનાની આયાતનું હબ બની ગયુ છે.

લગ્ન સિઝનથી માંડીને નિયમીતરીતે ખરીદીનાં પવિત્ર દિવસો આવતા હોવાથી જવેલરીની ડીમાંડમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. સાથોસાથ રોકાણ પર રીટર્ન પણ સારૂ હોવાથી ઈન્વેસ્ટમેન્ટ ડીમાંડમાં પણ વૃધ્ધિ છે સોનામાં ચમક છતાં ચાંદીમાં ચિત્ર વિરોધાભાસી હતુ. ગત વર્ષમાં ચાંદીની આયાત ૫૦ ટકા ઘટીને ૧૫૬૧.૮૫ ટન નોંધાઈ હતી.

# માધવરાય મંદિરેથી નીકળેલ શ્રીકૃષ્ણ ભગવાનના બીજા ફુલેકાનો લાભ હજારો ભાવિકોએ લીધો

## આજે રાત્રે માધવરાયના મંદિરેથી એન્ટીક રથમાં પ્રભુને પધરાવી, ઢોલ - નગારાની રમઝટ સાથે વાજતે ગાજતે ફુલેકુ નીકળશે અને બ્રહ્મકુંડ પહોંચશે

**મુખ્ય સમાચાર,માધવપુર(ઘેડ)**

માધવપુર(ઘેડ)માં શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીના વિવાહ ઉત્સવ નિમિતે ભરાતા મેળામાં માનવ મેદની ઉમટી પડી છે. ગઈકાલે માધવરાય મંદિરેથી નીકળેલ શ્રીકૃષ્ણ ભગવાનનું બીજુ ફુલેકાનો લાભ હજારો ભાવિકોએ લીધો હતો.


આજે તા. ૮ના અગિયારસના રોજ ત્રીજુ અને છેલ્લુ ફુલેકુ માધવરાયના મંદિરેથી રાબેતા મુજબ રાત્રીના ૯ વાગ્યે નીકળી શ્રીકૃષ્ણ પ્રભુને તિલક, હારતોરા પસ ભરાવી વિધિવત એન્ટીક રથમાં પધરાવી વાજતે ગાજતે ઢોલ, શરણાઈના સુરે દાંડીયા રાસની રમઝટ સાથે કીર્તનકારોના કીર્તનો સાથે બહેનોના લગ્ન ગીત સાથે નીકળી બ્રહ્મકુંડ પહોંચશે.

ત્યાં શ્રી કૃષ્ણ વિશ્રામ કરશે. શીતલ જલ પાન કરશે ફલ ફુલની સામગ્રી આરોગશે અને ભકતોને ચરણ સ્પર્શનો લાભ મળશે ત્યારબાદ નિજ મંદિરે પરત ફરશે. ત્યાં કીર્તનો થશે મંદિર પાસે પહોંચતા અને શ્રીકૃષ્ણના પોખણા થશે.ત્યારબાદ માનવ મેદની મેળાની મોજ માળવા જશે. આ ત્રીજુ ફુલેકુ હોય માનવ મેદની હૈયેહૈયુ દળાઈ એટલી જોવા મળશે.

આ શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીના લગ્ન ઉત્સવના મેળાની રંગત જોઈ કવિ ઝવેરચંદ મેઘાણી બોલી ઉઠયા હતા કે માધવપુરનો મેળો એટલે અસલ સોરઠી મેળો માધવપુરના મેળામાં અલંકારોથી સજજ ટોળાબધ્ધ ઘુમતી મેરાણી બહેનો, રબારણો, કોરણો, આયરાણીઓ હજુ પણ ગ્રામ્ય સંસ્કૃતિના દર્શન કરાવે છે આ મેળામાં ભાતીગળ વસ્ત્રો મુછોને આમળતા મહેર, આહિર, રબારી જુવાનો અનોખી ભાત પાડતા નજરે પડે છે.

મેળા અને શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીના લગ્ન ઉત્સવનો આનંદ સૌ કોઈ સ્વયં શિસ્તથી ઉજવે છે. ભગવાન શ્રીકૃષ્ણનું ફુલેકુ બ્રહ્મકુંડ સુધી પહોંચતા કલાકો નીકળી જાય છે છતાં હર કોઈ વ્યકિત આનંદ ઉત્સવમાં જ જણાય રહ્યો છે અને રંગેચંગે ખેલદીલીપૂર્વક લગ્ન પ્રસંગમાં જોડાતા જોવા મળે છે. રાજાઓનો મહારાજા જગતનો નાથ જયારે નવર દુલ્હોથ બને છે અને બહાર ફુલેકુ નીકળે છે ત્યારે માધવપુર વૈકુંઠ બન્યુ હોય તેવો ભાવ સર્વે જનતાના મુખ પર નિહાળવા મળે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ વિવિધ-વિવિધ જનતાને માળવા મળે છે. શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીજીના લગ્ન ઉત્સવ અને મેળાનું આયોજન સુશોભિત રીતે અને અતિ સુંદર કરવામાં આવ્યું છે. સૌ કોઈ ભાતી ભુલી રૂક્ષ્મણી-માધવની જય જય બોલાવતા સંભળાઈ રહ્યા છે.

ભગવાન શ્રી કૃષ્ણ રૂક્ષ્મણીના લગ્નોત્સવ પ્રસંગે યોજાતા માધવપુરના મેળાના ત્રીજા દિવસે ત્રિપુરાના રાજ્યપાલ ઈન્દ્રસેન રેડી નલુ સહભાગી થશે તેમની સાથે ઉત્તર પૂર્વીય રાજ્યના વરિષ્ઠ અધિકારી પણ ઉપસ્થિત રહેશે. માધવપુરના મેળામાં સાંજે નોર્થઈસ્ટ રાજ્યોના ૮૧૦ કલાકારો તેમજ ગુજરાતના ૮૭૪ કલાકારો એમ કુલ ૧૬૮૪ કલાકારો દ્વારા એક ભરત શ્રેષ્ઠ ભરત થીમ પર આધારિત ૪૦ મિનીટનો સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અને ત્યારબાદ ડાયરામાં કલાકાર દિવ્યેશ જેઠવા, સાગર કાચા, રાજુભાઈ બારોટ દ્વારા ભવ્ય લોકડાયરો કાર્યક્રમ યોજવામાં આવશે. માધવપુર મેળો સખી








મંડળના બહેનોની હસ્તકલા અને કારીગરીને ઉજાગર કરે છે. રોજગારી અને કલા સંસ્કૃતિના સંગમની ભવ્ય ઉજવણીનો પણ ઉત્સવ આ મેળો બની રહ્યો છે.ત્યારે પ્રેરણા સખીમંડળના બળેજ ગામના હેતલબેન વેગડાએ પોતાની કલા અને મહેનતથી લિપન આર્ટ દ્વારા પોરબંદર જિલ્લામાં ખુબ નામના કરી ગ્રામ્યકક્ષાની બહેનો માટે પોતાના પગભર ઉભા થઈ રોજગારી મેળવવા માટેના એક સારો પ્રેરણારૂપ ઉદાહરણ બન્યાં છે. તેમણે તૈયાર કરેલી લીપણ આર્ટ, રેઝીન આર્ટ, મંડાલા આર્ટની વસ્તુઓ માધવપુરના મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. હેતલબેન વેગડાએ જણાવ્યું કે, માધવપુરના મેળો અમારી લીપણ આર્ટ, રેઝીન આર્ટ, મંડાલા આર્ટની કલાને લોકો સમક્ષ લઈ જવા માટેનું માધ્યમ બન્યો છે. મહિલાઓ આર્થિક ઉપાર્જન કરીને પગભર થાય તે માટે સરકાર દ્વારા મફત સ્ટોલ આપવામાં આવ્યા છે તે બદલ તેમણે સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હળદરની ખેતીથી માલામાલ થવાની લાલચે રાજકોટની પેઢીએ ૬૫ કરોડ ગુમાવ્યા

## રાજકોટના વેપારી સાથે યુપી, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશની ટોળકીએ આચરેલી ઠગાઈ : ડીસીબીમાં ૧૯ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વધુ એક વેપારીને હળદરની ખેતી માટે ૫૪ એકર જગ્યામાં પોલીસ હાઉસ ઉભા કરી ઉત્પાદન, વેચાણની જવાબદારી લઈ એકર દીઠદર વર્ષે ૧.૨૦ કરોડ વળતરની લાલચ આપી ૬૪ કરોડ ૮૦ લાખની છેતરપીંડી આચરનાર યુપી, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશની ટોળકીના ૧૯ ગઠિયાઓ સામે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે ત્રણ વર્ષ માટે ૧ અબજ ૯૪ લાખ ૪૦ હજાર રૂપિયાનો કોન્ટ્રાકટ કરી હાથ ઊંચા કરી દીધા હતા. રાજકોટના જગ્ગનાથ પ્લોટમાં રહેતા અને નવલનગરમાં ધર્મભક્તિ વેન્ચર નામે ભાગીદારી પેઢી ધરાવતા પ્રશાંત પ્રદીપભાઈ કાનાબાર ઉ.૩૨એ ૧૯ શખ્સો સામે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ૬૪ કરોડ ૮૦ લાખની છેતરપીંડી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે આ પેઢીમાં હું મારા ભાઈ ધવલ અને ઈન્દ્રવદનભાઈ બાબુલાલ રાઠોડ ભાગીદાર છીએ ૨૦૨૧માં હિમતનગર કામ સબબ ગયેલ ત્યાં ચંદ્રકાંતભાઈ પટેલ સાથે મુલાકાત થયેલ તેણે મુંબઈની અજ પોલી અગ્ર્ર્ઈ અગઉ અચઅઅ કકડ કંપની જે હળદરની ખેતીનો પ્રોજેક્ટ આપે છે જેમાં આપણે ફક્ત વીજળી અને પાણી પૂરું પાડવાનું ફાર્મિંગના માણસો, ઉત્પાદન અને વેચવાનું કામ કંપની છે એલ વર્ષ બાદ રોકાણ બાદ છ વર્ષ સુધી પૈસા પરત આપે છે જે પ્રોજેક્ટ સારો લાગતા ભાગીદારો સાથે વાત કરી હું અને સીએ હાર્દિકભાઈ અમદાવાદ ગયેલા ત્યાં અવિનાશ મળેલ અને માહિતી આપતા જણાવેલ કે ખેતીના પોલી હાઉસ બનાવવા એક એકર દીઠ ૨ કરોડનો ખર્ચ થાય જેમાં ૧.૨૦ કરોડનું અમારે અને ૮૦ લાખનું કંપની રોકાણ કરશે રોકાણના ૧૬ મહિના પછી એકર દીઠ ૧.૨૦ કરોડનું છ વર્ષ વળતર મળશે તેમ કહેતા અમે ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ એમ ત્રણ વર્ષનો ૧.૯૪ અબજનો કરાર કર્યો હતો અને જુલાઈ તથા સપ્ટેમ્બર ૨૦૨૧માં ૫૩ ટ્રાન્જેક્શન કરી ૬૪ કરોડ ૮૦ લાખ ચૂકવ્યા હતા જાન્યુઆરી ૨૦૨૩માં અમે નફો માંગતા ખોટા વાયદાઓ આપ્યા હતા બાદમાં ૧૦ ટકા બાદ કરી ૫૮.૩૨ કરોડ થોડા દિવસોમાં આપી દેશે તેવી સહમતી દર્શાવી હતી પરંતુ એકપણ રૂપિયો નહી આપી ઠગાઈ કરતા અંતે ફરિયાદ નોંધાવી હતી. હાઉસ ઉભા કરી એકર દીઠ છ વર્ષ સુધી રૂ.૧.૨૦ કરોડની લાલચ આપી હતી : ૧.૯૪ અબજનો ૩ વર્ષનો કોન્ટ્રાકટ કરી હાથ ઊંચા કરી દીધા છે.

# રાજકોટમાં વીજતંત્રના દરોડા: પોલીસ-વિડીયોગ્રાફરો સાથે ૪૦ ટીમો બે સબ ડીવીઝનના વિસ્તારોમાં ત્રાટકી

- પંચનાથ-સદર-ભીલવાસ-મોટી ટાંકી-ગાંધીધામ-રૈયાધાર-નહેરૂનગર સહિત ૧૫ થી વધુ ક્ષેત્રો આવરી લેવાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વીજ તંત્રે ફરી દરોડાનો દોર શરૂ કર્યો છે, આજે બે સબ ડીવીઝનમાં સેંકડો કનેકશનો ઉપર પોલીસની ટીમો સાથે ધોંસ બોલાવાઈ છે, આજે તા. ૮ ના રાજકોટ શહેર સર્કલના રાજકોટ શહેર વિભાગ-૨ હેઠળ રૈયા રોડ, અને પ્રદ્યુમનનગર સબ ડીવીઝન ચેકીંગ ડ્રાઈવનું આયોજન કરાયું છે.

જેમાં અંદાજે ૪૦ જેટલી ટીમો દ્વારા વીજ દરોડા પાડવામાં આવતા સોંપો પડી ગયો છે.

આવરી લેવમાં આવેલ વિસ્તારોમાં પંચનાથ પ્લોટ, સદર, મોટી ટાંકી ચોક, મારવાડીનગર, રૈયાધાર, દર્શન પાર્ક, રાણીમાં રૂડીમાં ચોક, ગૌતમનગર, ગાંધીનગર, નહેરૂનગર, નુરાનીપરા, છોટુનગર, ગાંધીગ્રામ, સદર વિસ્તાર, ભીલવાસ ક્ષેત્ર વિગેરે ક્ષેત્રોમાં પોલીસ તથા વિડીયો ગ્રાફકોની ટીમ સાથે દરોડા પડાયા છે.

કાળઝાળ ઉનાળો હોય પંખા-કૂલર-એસીનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે, વીજ લોડ વધ્યો છે. અને ઉપરોકત બંને સબ ડીવીઝન ક્ષેત્રમાં ટી એન્ડ ડી. લોડ પણ વધુ આવતા ચેકીંગ શરૂ કરાયું છે.

# રૈયા લાઈટ હાઉસ ખાતે હનુમાન જયંતિ તેમજ સંત વેલનાથ ઉત્સવની સંયુકત ઉજવણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટના અટલ સ્માર્ટ સીટી ન્યુ રેસકોર્ષ પાસે આવેલ વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ સમાન લાઈટ હાઉસ ખાતે રૈયા લાઈટ હાઉસ ગ્રુપ અને જીજાબાઈ ટાઉનશીપ સોસાયટી ના સંયુકત ઉપક્રમે હનુમાન જયંતિ તેમજ સંત વેલનાથ તિથિ ઉત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન કરાયુ છે. ચૈત્ર સુદ પૂનમ તારીખ ૧૨/૪/૨૦૨૫ શનિવારે છે જેમાં સાંજે ૫.૩૦ કલાકે દીપ પ્રાગટય, ૬.૦૦ કલાકે શોભાયાત્રા, સામૈયુ, સાંજે ૭.૩૦ કલાકે મહા આરતી, સાંજે ૮.૦૦ કલાકે ૧૧૪૪ ફલેટ ધારકોનું સ્નેહમિલન સમારોહ, ૮.૩૦ કલાકે સ્નેહ ભોજન, રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી ભવ્ય રાસોત્સવ સાથે સાંજે ૬.૦૦ કલાકે થી રાત્રે ૯.૦૦ કલાક સુધી બ્લડ ડોનેશન કેમ્પ(રકતદાન કેમ્પ)નું આ આયોજન ફકત જીજાબાઈ ટાઉનશીપ લાઈટ હાઉસના ફલેટ ધારકો પૂરતુજ મર્યાદિત રાખેલ છે. આ ઉત્સવ છેલ્લા ત્રણ વર્ષથી સૌએ સાથે મળીને ઉજવે છે. લાઈટ હાઉસના ફલેટ ધારકોએ દર વર્ષે શ્રી હનુમાન જયંતિ અને વેલનાથ ઉત્સવ ચૈત્ર સુદ પૂનમના દિવસે વાર્ષિક ધર્મોત્સવ તરીકે ઉજવશે હાલમાં ૧૧૪૪ ફલેટ ધારકોમાંથી આશરે ૭૦૦ જેટલા ફલેટ ધારકો રહે છે. અહીં તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મના લોકો રહે છે. કોઈપણ ઉજવણી આ ફલેટ ધારકો સાથે મળીને ઉજવે છે. રાજકોટમાં સૌથી વધુમાં વધુ તહેવારોની ઉજવણી લાઈટ હાઉસ ના આંગણે ઉજવાય છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રૈયા લાઈટ હાઉસ ગ્રુપ ની સાથે જીજાબાઈ ટાઉનશીપ સોસાયટીમાં ચાલતા તમામ ગ્રુપો, મંડળો સાથે હળીમળીને જહમત ઉઠાવી રહ્યા છે. તેમ રૈયા લાઈટ હાઉસ ગ્રુપના અગ્રણી ટેવાંગભાઈ ડુકાવા, સુરેશભાઈ વાળા તેમજ મેઈન કમિટિના સર્વે હોદેદારોની સંયુકત અખબાર યાદીમાં જણાવેલ છે.

રાજકોટને લાઈટ હાઉસની ગોલ્ડન ભેટ આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો અમે ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ. તેમજ અમે તેમના આજીવન રૂણી રહેશું. સ્માર્ટ સીટી એરીયામાં નવા રેસકોર્ષની અંદર આ ડ્રીમ પ્રોજેક્ટનું નિર્માણ થયુ તેના પ્રયાસો ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી થકી થયેલ છે.

# રાજકોટ શહેરમાં દાયકા બાદ ગઈકાલે એપ્રિલ માસનું હાઈએસ્ટ ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં દાયકા બાદ ગઈકાલે એપ્રિલ માસનું હાઈએસ્ટ ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાતા નગરજનો ત્રાહીમામ પોકારી ગયા હતા. રાજકોટ ઉપરાંત રાજયના અન્ય સ્થળોએ પણ આગ ઝરતી ગરમી અને લુ યથાવત રહેવા પામ્યા હતા.

ગુજરાતમાં આગ વરસાવતી ગરમીનું પ્રમાણ યથાવત રહેતા સળંગ બીજા દિવસે ૭ શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીથી વધારે નોંધાયો હતો. સોમવારે રાજકોટમાં ૪૪.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૫.૨ ડિગ્રીનો વધારો થયો હતો.

આગામી ૩ દિવસ રાજકોટનું તાપમાન ૪૫ ડિગ્રી થવાની હવામાન વિભાગ દ્વારા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૯ ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

તથા સળંગ ત્રીજા દિવસે અમદાવાદમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીથી વધારે હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહી શકે છે.

પરંતુ હવામાન નિષ્ણાતોને મતે અમદાવાદમાં બે દિવસમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી થઈ શકે છે. આજે મંગળવારે કચ્છમાં રેડ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, રાજકોટ અને મોરબીમાં એલર્ટ આપવામાં




આવ્યું છે.

જામનગરમાં ગઈકાલે મહતમ તાપમાન ૩૯ ડિગ્રી પારો પહોંચ્યા બાદ ૧ ડિગ્રી પારો નીચે સરકીને ૩૮ ડિગ્રી નોંધાયો છે.જ્યારે લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રી રહ્યું છે.તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૦ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૯.૧ કિમિ નોંધાઈ છે.

ગરમીના વાતાવરણમાં પવન રાહત રૂપ બન્યો બને છે.પરંતુ બપોરના સમયે સૂર્યદેવના આકરા તાપ લોકો ત્રાહિમામ પોકારે છે. દરમ્યાન ગઈકાલે અમરેલીમાં ૪૩.૮, ડિસામાં ૪૩.૨, અમદાવાદમાં ૪૨.૯, ગાંધીનગર-ભુજમાં ૪૨.૯ અને વડોદરામાં ૪૧.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

# ટ્રાફિક પોલીસ દિવ્યરાજના આતંકનો ભોગ બનેલા બન્ને નિર્દોષ યુવકોના ન્યાય માટે ઉચ્ચ કક્ષા સુધી લડત લડીશું: તુષિત પાણેરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરીએ જણાવ્યું હતું કે ગુજરાત મા કાયદો વ્યવસ્થા કદાચ લો કોલેજ ના પુસ્તકો પૂરતી જ સીમિત રહી હોય તેવો માહોલ ઘણા સમયથી સર્જાયો છે , અમદાવાદ રિવરફ્રન્ટ પર લુખ્ખાઓ પોલીસ જીપ પર ઘાતક હથિયારો પછાડે , ગુજરાત ના મુખ્યમંત્રી ના મતવિસ્તાર મા ખુલ્લી તલવાર સાથે ગુંડાઓ આતંક મચાવે , રાજકોટ મા હજી ચાર દિવસ પહેલા જ એક યુવક ની હત્યા થાય આ બધા બનાવો થી સાબિત થાય છે કે ગુજરાત મા ગુન્હેગારો બેખૌફ બન્યા છે . .

એવા મા રાજકોટ સહિત સમગ્ર ગુજરાત પોલીસ ની આબરૂ ધુળ ધાણી થઈ જાય તેવો શરમજનક અને અતિ નિંદનીય કિસ્સો ગઈકાલે રાજકોટ મા બન્યો , રામનવમી ના તહેવાર નિમિતે નાના મૌવા રોડ પર શાસ્ત્રી નગર ના ગેટ પાસે દીપક ધામેચા અને તેના મિત્રો ટુ વ્હીલર પર જતા હતા ત્યાં પાછળ થી જીજે ૩ કે એચ ૦૦૨૫ નંબર ની એક કાર ના ચાલકે બાઈકને ટકકર મારતા આ યુવકો એ કાર ચાલક ને સરખી રીતે ચલાવવાનું કહેતા તે ઉશ્કેરાઈ ધોકા સાથે નીચે ઉતરી દીપક ધામેચા અને લખન ઘેડીયા પર હુમલો કર્યો , જેનો વિડિયો આ બન્ને નિર્દોષ યુવકો એ ઉતાર્યો હતો જે સૌ એ જાગૃત મીડિયા મારફત જોયો , વધુ મા ઉપરોક્ત ઉલ્લેખિત નંબર વાળી કાર મા કાળા કાચ હતા અને પોલીસ લખેલું હતું ( ડીજીપી ના પરિપત્ર મુજબ કોઈ પણ પોલીસ કર્મી એ પોતાના ખાનગી વાહનો મા પોલીસ લખેલું બોર્ડ રાખવું નહિ કે પોલીસ લખવું નહિ છતા પણ ઘણા પોલીસ



કર્મીઓ પોતાની ધાક બતાવવા આવા બોર્ડ લગાવી ફરે છે ) આ કાર ચાલક ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ દિવ્યરાજ જાડેજા હોવાનું જાણવા મળ્યું છે , ભોગ બનનાર યુવકો એ મીડિયા સમક્ષ આક્ષેપ કર્યો હતો કે આ ટ્રાફિક કોન્સ્ટેબલ દિવ્યરાજ દારૂ પીધેલો હતો , અગાઉ પણ રાજકોટ ની પંકાયેલી પોલીસ ના મહિલા પી એસ આઈ સુરેન્દ્રનગર ના સાયલા પાસે દારૂ ની ગાડી ના પાઈલોટિંગ કરતા હતા , રાજકોટ પોલીસે તોડકાંડ પણ ખુલ્યું હતું અને હવે ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ નો સરાજાહેર આતંક !! આ બાબત અસહ્ય છે

પાણેરી જણાવ્યું હતું કે હું આ બન્ને યુવકો અને તેમના પરિવારજનો ને નમ્ર વિનંતી કરું છું કે તેઓ મને મારા મોબાઈલ નંબર પર સંપર્ક કરે , ન્યાય માટે ઉચ્ચ કક્ષા સુધી લડત લડીશું અને બીજી વાર કોઈ નિર્દોષ નાગરિક સાથે આવો બનાવ ન બને તેવો દાખલો પ્રસ્થાપિત કરીશું . .

# પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેનના ટર્મિનલ સ્ટેશનમાં હંગામી ધોરણે ફેરફાર કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસના કાર્યને કારણે, રેલવે વહીવટીતંત્ર દ્વારા રાજકોટ ડિવિઝન થી પસાર થતી પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ના ટર્મિનલ સ્ટેશનને અસ્થાયી રૂપે ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતવાર વર્ણન નીચે મુજબ છે:



૧. પોરબંદરથી દર મંગળવારે ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૧૫.૦૪.૨૦૨૫ થી આગામી આદેશો સુધી પોરબંદરથી ચાલીને ઉમદાનગર સ્ટેશન સુધી જશે. ૨. દર બુધવારે સિકંદરાબાદથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૧૬.૦૪.૨૦૨૫ થી આગળના આદેશો સુધી સિકંદરાબાદને બદલે ઉમદાનગર સ્ટેશનથી ચાલશે. આમ આ ટ્રેન ઉમદાનગર સ્ટેશનથી પોરબંદર સ્ટેશન સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ટ્રેન બંને દિશામાં કાચીગુડા સ્ટેશન પર પણ ઉભી રહેશે. ૧૫.૦૪.૨૦૨૫ થી ચાલવા વાળી ટ્રેન નંબર ૨૦૯૬૮નું સિકંદરાબાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૭.૫૫/૦૮.૧૦ કલાકે હશે, કાચીગુડા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૮.૨૫/૦૮.૨૭ કલાકે હશે અને ઉમદાનગર સ્ટેશને ૦૯.૦૫ કલાકે પહુંચશે. તેવી જ રીતે ૧૬.૦૪.૨૦૨૫ થી ચાલવા વાળી ટ્રેન નંબર ૨૦૯૬૭ ઉમદાનગર સ્ટેશનથી ૧૪.૦૦ કલાકે ઉપડશે. તે પછી, કાચેગુડા સ્ટેશન પર તેનો આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૧૪.૩૫/૧૪.૩૭ કલાક અને સિકંદરાબાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૧૫.૦૦/૧૫.૧૦ કલાકનો રહેશે.

# રામનવમીના દિવસે રામવનમાં કુલ-૧૮૨૯ મુલાકાતીઓને નિ:શુલ્ક પ્રવેશ અપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૫માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનપ્રસંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ રામવન આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. તા.૦૬ના રોજ રામનવમી નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)ની મુલાકાત માટે તમામ મુલાકાતીઓને નિ:શુલ્કની પ્રવેશ આપવામાં આવેલ. જેમાં કુલ-૧૮૨૯ મુલાકાતીઓએ રામવનમાં નિ:શુલ્ક પ્રવેશ મેળવી રામવનની મુલાકાત લીધી હતી તેમ, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાલીલુબેન જાદવ અને બાગ બગીચા અને ઝૂ સમિતિના ચેરમેન સોનલબેન સેલારાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રામનવમી નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકો માટે નિ:શુલ્ક પ્રવેશના નિર્ણયથી ૩ થી ૧૨ વર્ષના કુલ-૩૦૭ અને ૧૨ વર્ષથી મોટી ઉંમરના કુલ-૧૫૨૨ સહીત કુલ-૧૮૨૯ મુલાકાતીઓએ રામવનની નિ:શુલ્ક મુલાકાત લીધી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહીતના આકર્ષણો દર્શાવતુ રામવનનું નિર્માણ કરવામાં આવેલ છે. ભગવાનશ્રી રામના જીવનચરિત્રના પ્રસંગોમાંથી પ્રેરણા મેળવે તેમજ ભગવાન શ્રીરામ પ્રત્યેના ભક્તિભાવથી અવગત કરવાના ઉમદા હેતુથી રામનવમીના દિવસે અર્બન ફોરેસ્ટ (રામવન)ની મુલાકાત માટે તમામ વય જૂથના મુલાકાતીઓને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવેલ.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૦૭/૦૪/૨૫ સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુર મંદિર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા.૦૮/૦૪/૨૫ મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે સૂર સફર ઈવેન્ટસ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૦૯/૦૪/૨૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ફ્રેનડઝ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૦/૦૪/૨૫ ગુરુવાર નાં રોજ ૫:૩૦ ઓમકાર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૧/૦૪/૨૫ ને શુકવાર વાર નાં રોજ એકટી - વીટી કરાઓકે મ્યુઝીકલ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા.૧૨/૦૪/૨૫ શનિવાર નાં રોજ ૫:૩૦ દૂર - સંચાર કરાઓકે ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા.૧૩/૦૪/૨૫ રવિવાર નાં રોજ ૫:૩૦ દિલ સુંદર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે . તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, અશોકભાઈ પારેખ, સલીમભાઈ જેઠા, હિરેનભાઈ રાવલ અને સલીમભાઈ ચાનીયા, અશોક. એન. ચંદ્રવાડીયા, કૃષકાન્તા ઉપાધ્યાયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે અને દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે. સિનિયર સીટીઝન ઈવનીંગ પોસ્ટ ની ઓફિસ છઉઈ બેંક ની બાજુ માં, સિનિયર સીટીઝન પાર્ક, ઝૂબેલી ગાર્ડનની સામેનો રોડ, રાજકોટ .ઈવનીંગ પોસ્ટ મેમ્બરશીપ નું ફોમ ભરીને ત્યાં જ આપવાનું રહેશે જેની નોંધ લેવી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# આવાસ ક્વાર્ટસમાં ગર્ભપરીક્ષણના રેકેટમાં તબીબ અને મહીલા દલાલની સંડોવણી ખુલી

## ૪ વર્ષ પૂર્વે એસ.ઓ.જી.એ સરોજ સહિત ચારને ગર્ભ પરીક્ષણ ચલાવતા ઝડપી લીધા હતા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સીતાજી ટાઉનશીપ આવાસ યોજના ક્વાર્ટરમાં ચાલતા ગર્ભપરીક્ષણના રેકેટનો એસઓજીએ પર્દાફાશ કરી ગેરકાયદે ગર્ભ પરિક્ષણ કરી આપતી સરોજબેન વિનોદભાઈ ડોડિયા (ઉ.વ.૪૦, રહે. રઘુવીર સોસાયટી શેરી નં.૪, સહકાર મેઈન રોડ)ને એસઓજીએ ઝડપી લઈ સોનોગ્રાફી મશીન કબજે કર્યુ હતું. પ્રાથમિક તપાસમાં આ રેકેટમાં સરોજ સાથે એક મહિલા એજન્ટ અને મશીન સપ્લાય કરવામાં એક તબીબની પણ સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. જેને લઈને આ મામલે સરોજની રિમાન્ડ ઉપર પુછપરછ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે, નર્સિંગનો કોર્સ કરનાર સરોજબેનને ૨૦૨૧ની સાલમાં એસઓજીએ જ ગેરકાયદે ગર્ભપરિક્ષણ કરતાં ઝડપી લીધી હતી. જે અંગે ક્રાઈમ બ્રાંચ પોલીસ મથકમાં પીસી એન્ડ પીએન પીટી એકટ અને આઈપીસીની કલમો હેઠળ ગુનો દાખલ થયો હતો. જે કેસ હાલ કોર્ટમાં ચાલુ છે. છ મહિના જેલમાં રહ્યા

બાદ સરોજ વર્ષ ૨૦૨૨માં જેલમાંથી છુટચયા બાદ ફરીથી તેણે આ ગર્ભપરિક્ષણનો ધંધો શરૂ કર્યો હતો. મહિલા કોન્સ્ટેબલે તેની બહેનનો સ્વાંગ રચ્યો હતો. નક્કી થયા મુજબ બંને મહિલા કોન્સ્ટેબલ મવડી નજીકના ૮૦ ફૂટના રોડ પર આવેલા આરએમસીના કવાર્ટરમાં પહોંચી હતી. સરોજ સાથે આ રેકેટમાં એક મહિલા એજન્ટ જેનું નામ કિર્તિ છે તે સંડોવાયેલી હોવાનું ખુલ્યું છે. સરોજ તેની એજન્ટ કિર્તિના કહેવાથી જે વિશ્વાસપાત્ર હોય તેને જ ગર્ભપરિક્ષણ કરી આપતી હતી અને આ ગર્ભપરિક્ષણનો ૨૦ હજાર રૂપિયા જેટલો ચાર્જ તે લેતી હતી. ગેરકાયદે ગર્ભ પરિક્ષણના રૂા.૨૦ હજાર અને જો દિકરી હોય તો ગર્ભપાત કરાવી અપાવવાના ગ્રૂ.૨૦ હજાર કહ્યા હતા. તેણે સર્ગભા મહિલા કોન્સ્ટેબલને તપાસ કરી ત્રણ માસનો ગર્ભ હોવાનું પણ કહ્યુ હતું. ખાત્રી થઈ ગયા બાદ બંને મહિલા કોન્સ્ટેબલે એસઓજીની ટીમને જાણ કરતાં સરોજબેનને રંગેહાથ ઝડપી લેવાયા હતા. એસઓજીએ સ્થળ પરથી રૂા.૪ લાખની કિંમતનું સોનોગ્રાફી મશીન, ગર્ભ પરીક્ષણ કરવામાં ઉપયોગમાં લેવાતી જેલની બોટલ, મોબાઈલ ફોન વગેરે મળી કુલ રૂા.૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એસઓજીએ આ અંગે તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ક્રાઈમ ભરત બી બસિયાની સુચનાને માર્ગદર્શન હેઠળ એસઓજીના પીઆઈ એસએમ જાડેજા સાથે સ્ટાફના પીએસઆઈ એસ.બી. ધાસુરા, રાજેશભાઈ બાળા, વિરેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ, સિદ્ધરાજસિંહ જાડેજા, અરુણભાઈ બામણીયા, મહિલા પોલીસ મિત્તલબેન સહિતના સ્ટાફે કામગીરી કરી હતી. સરોજ પાસેથી કબ્જે કરેલું સોનોગ્રાફીનું મશીન તેની પાસે કઈ રીતે આવ્યું તે બાબતે પુછપરછ કરતા એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું કે સરોજબેન સોનોગ્રાફી મશીન ભાડે લીધાનું કહી રહ્યા છે. આ મશીન ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના સભ્ય એવા અધિકૃત ડોકટરો સિવાય કોઈને મળતું નથી. આ સ્થિતિમાં તેણે આ મશીન કોની પાસેથી લીધું તે બાબતે ઉંડાણ પુર્વક તપાસ કરતા એક તબીબનું નામ પણ સામે આવી રહ્યું છે. જે બાબતે હવે પોલીસ તપાસ બાદ આ તબીબ સામે પણ કાર્યવાહી કરી શકે છે.

# રાજારામ સોસાયટીમાં બાઈકની ઠોકરે સાયકલ સવાર વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાંકાઠે સંતકબીર રોડ પર રાજારામ સોસાયટીમાં પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બાઈકચાલકે સાયકલને ઠોકરે ચડાવતા વૃધ્ધનું ગંભીર ઈજા થતા મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસ અજાણ્યા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ દુધસાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડ ક્વોટરમાં રહેતા હબીબખાન ઉસ્માનખાન પઠાણ (ઉ.વ.૭૨) નામના વૃધ્ધ ગત તા.૫ના રોજ બપોરે પોતાની સાયકલ લઈ કુવાડવા રોડ પર આવેલી પટેલ વિહાર હોટલે જતા હતા દરમિયાન દુધની ડેરી પાછળ

રાજારામ સોસાયટીમાં સાંદીપની સ્કુલ પાસે પહોંચતા પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બાઈકચાલકે સાયકલને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં હબીબખાનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે મોત નીપજ્યું હતું. જ્યારે અજાણ્યો બાઈક ચાલક અકસ્માત સર્જી નાશી છૂટયો હતો. આ અંગે થોરાળા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી મૃતકના પુત્ર મજીદખાનની ફરિયાદ પરથી અજાણ્યા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આ બનાવથી વૃધ્ધના પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# અમરનગરમાં ટોળકીનો આતંકઃ સ્પ્રે છાંટી, સોડા-બોટલ અને પથ્થરમારોઃ ત્રણ ની ધરપકડ

## બે દિવસ પૂર્વે લત્તામાં આતંક મચાવનાર ટોળકી સામે પોલીસને અરજી આપી છતાં કાર્યવાહી ન કરી હોવાનો આક્ષેપઃમાલવીયાનગર પોલીસે સગીર સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી, ફરાર શખ્સોની શોધખોળ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં મવડી વિસ્તારમાં આવેલા અમરનગર-૧માં બે દિવસ પુર્વે લુખ્ખા તત્વોએ નીવસ્ત્ર થઈ નાના ભુલકાઓને છરી બતાવી ધમકાવ્યા હતા. જે મામલે લત્તાવાસીઓએ માલવીયાનગર પોલીસને અરજી કરી હોવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી ન કર્યાનો લત્તાવાસીઓએ આક્ષેપ કર્યો હતો.

મવડી વિસ્તારમાં આવેલ અમરનગર-૧ બાપા સીતારામ ચોક મઢુલી પાસે બે દિવસ પુર્વે જાહેર ચોકમાં નાના ભુલકાઓ સામે નીવ થઈ છરી બતાવી ધમકાવ્યા મામલે લતાવાસીઓએ માલવીયાનગર પોલીસમાં અરજી કરી હતી.પરંતુ આ મામલે પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા લુખ્ખાઓને જાણ મોકળું મેદાન મળી ગયું હોય તેમ આજે ફરિ આ વિસ્તારમાં રાત્રીના સાડા નવ વાગ્યા આસપાસ નશામાં પૂત થઈ ૧૧ શખસોની ટોળકીએ મહિલાઓની આંખમાં મીચ્ચી સ્પ્રે છાંટી પથ્થરો તથા સોડા બેટલોના છુટા થા કરતા એક યુવતિને ઈજા પહોંચી હતી. બાદ હુમલાખોરો કારમાં નાશી છુટયા હતા.જે મામલે લત્તાવાસીઓ એકઠા થતા લુખ્ખા તત્વો ફરિ આવીને ૭૦ થી વધુ લોકો પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. જે મામલે લત્તાવાસીઓ બહોળી સંખ્યામાં એકત્રિત થઈ માલવીયાનગર પોલીસ મથકે પહોંચ્યા હતા.અને ઘટનાની જાણ થતા જ ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ અધિકારી પોલીસ મથકે દોડી જઈ હુમલો કરનાર વિશ્વનગર આરએમસી કવાર્ટરમાં રહેતો રાજદીપ દિનેશભાઈ પરમાર ઉ.૨૨, અમરનગર શેરી નં ૧માં રહેતો સંજય દિનેશભાઈ માત્રાણી અને એક સગીર સહિત ત્રિપુટીને દબોચી લઈ ફરાર શખસોની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં પરણીતા અને પ્રેમીએ મળી કરી પતિની હત્યા

## વિજરખી ડેમ પાસે જીપ કમ્પાસથી પીછો કરી બુલેટને ટક્કર મારી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં પ્રેમિકાને પામવા તેના પતિની કારની ઠોકરે હત્યા કરાઈ છે. મૂળ જામનગર જિલ્લાના કાલાવડના અને હાલ આશીર્વાદ એવેન્યુ-૦૧, બહુચરકુપા, રણજીત-સાગર રોડ, જામનગર ખાતે છેલ્લા આઠ વર્ષથી રહેતા રવી મારકણા નામના ૩૦ વર્ષી ૫ યુવાનની પત્ની રિન્કલને અગાઉ તેના ઘરની સામે જ રહેતા આરોપી અભય છગનભાઈ ડાંગરીયા સાથે પ્રેમ સંબંધ હતો. આ પ્રેમ સંબંધને પરિણામે રવિ અને રીંકલ વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. ઝઘડાનો ખારા રાખી અને બંનેએ પતિને પતાવી દેવાનું કાવતરું ઘડી કાઢ્યું હતુ અને પ્રેમીએ કારની ટેકર મારી યુવકની હત્યા કર્યાના બનાવથી ચકચાર મચી છે.

પોણા પાંચેક વાગ્યાના સમયગાળામાં રવિ ધીરજલાલ મારકણા નામનો યુવાન પોતાનું બુલેટ મોટરસાયકલ જીજે ૨૭ ડીજે ૯૩૧૦ લઈ જામનગરથી કાલાવડ ગયો હતો. બીજી તરફ અગાઉથી જ તૈયારી આરોપી અક્ષય તેની કાર સાથે આગોતરા આયોજનમાં હતો. આરોપીએ રવીની બાઈકનો પિછો કર્યો હતો. રવિ પોતાનુ બુલેટ લઈ કાલાવડથી જામનગર ઘરે જતો હતો આ વેળાએ વીજરખી ડેમ નજીક આવેલ મોગલ માતાજીના મંદિર પાસે આરોપી અક્ષયે તેની જીપથી અકસ્માત કર્યો હતો. રવિની બુલેટને પાછળથી ફૂટબોલ કરી રવિને કચડી નાખ્યો હતો. આજથી આશરે છએક મહીના પહેલા રવિએ બુલેટ મોટર સાઈકલ લીધી હતી. જે બુલેટ મોટર સાઈકલ ઘરે પોતાના પિતાને બતાવવા અને માતાજીના દર્શન કરવા માટે ગઈકાલ તા.૦૬/૦૪/૨૦૨૫ના સવારના સાડા દશેક વાગ્યે કાલાવડ ગયો હતો. જ્યારે તેની પત્ની ઘરે જ રોકાયેલ હતી. રવિ પોતાના કુળદેવીના દર્શન કરી ગામડે જમીને બપોરના ચારેક વાગ્યે જામનગર આવવા માટે રવાના થયો હતો. દોઢ કલાક જેટલો સમયગાળો થઈ ગયો હોવા છતાં રવિ ઘરે ન પહોંચતા રવિના માતા પિતા જામનગર દીકરાના ઘરે ગયા હતા. જ્યાં રવિની પત્નીને રવી ભાબતે પૂછતા રવિની પત્ની રિકલે કહ્યું કે મારે અક્ષય સાથે સંબંધ હોય જેને લઈને ઝઘડા થતા હોવાથી મેં અક્ષપને ફોન કરીને જણાવેલ કે, રવિ ઘરેથી બુલેટ લઈને નીકળેલ છે. આજે મોકો છે કામ પતાવી નાખ તેમ કહેતા અક્ષયએ કહેલ કે, હું મારી ફોરવ્હીલ લઈને કાલાવડ જાવ છુ પછી તને ફોન કરું તેમ કહી તે તેની જીપકમ્પાસ કાર નંબર -૨૦૮૨૬૨ ની લઈને રવિની પાછળ પાછળ કાલાવડ ગયેલ અને ત્યારબાદ બપોરના અક્ષયનો ફોન આવેલ અને કહેલ કે, હું કાલાવડની બહાર રવિની રાહ જોઈને ઉભો છુ રવિ હજી સુધી નીકળેલ નથી તેમ વાત કરેલ ત્યાર બાદ સાજના પોણા પાંચેક વાગ્યે મને અક્ષયનો ફોન આવેલ અને વાત કરેલ કે, કાલાવડ-જામનગર રોડ પર મોગલ માતાજીનુ મંદીર આવેલ છે ત્યાં રોડ પર મેં મારી ફોરવ્હીલ કારથી રવિના બુલેટને પાછળથી ઠોકર મારી દીધેલ છે અને રવિને કાનમાંથી અને માથામાંથી લોહી નીકળી ગયેલ છે લગભગ મરી ગયેલ છે. બાદમાં ધીરજલાલના જમાઈ પ્રશાંતભાઈનો ફોન આવેલ અને વાત કરેલ કે, રવિનુ એકસીડન્ટ થયેલ છે. કાલાવડના કૃષ્ણનગર એક વિસ્તારમાં રહેતા ધીરજલાલ ઉર્ફે મહેતાજી મોહનભાઈ મારકણા નામના મૃતક યુવાનના પિતાએ પંચકોસી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે આરોપી અપ છગનલાલ ડાંગરિયા અને રિકલ રવિ મારકણા સામે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ પ્રકરણમાં સેડાવાયેલ મહિલા સહિત બંને આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. રવીના લગ્ન ૨૦૧૭ની સાલમાં થયા હતા અને રવીને સંતાનમાં જીયાન નામનો દોઢ વર્ષનો પુત્ર છે.

# સસ્તા ભાવે ડોલર આપવાની લાલચે વેપારી પાસેથી ૫.૭ લાખ પડાવી લેનારી બેલડી પકડાઇ




## સાયબર ક્રાઈમે રાજકોટ અને મહારાષ્ટ્રના બે શખસોની કરી ધરપકડ

રાજકોટના ઝુલેલાલનગરમાં રહેતા વેપારી સાથે થવા પામી હતી. સાયબર ક્રાઈમ પોલીસે સસ્તા ભાવે ડોલર આપવાની લાલચ આપી આ છેતરપિંડીને અંજામ આપનારા મહારાષ્ટ્રના બે શખસોની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધા છે. આ અંગેની વિગતો મુજબ રાજકોટના વેપારી દીપક ભરતભાઈ ગોહેલને પરિવાર સાથે દુબઈ કરવા જવાનું હોય તેને ડોલરની જરૂર પડી હતી. આ પછી મિત્રએ આપેલા નંબર પર ડોલર માટે સંપર્ક કરતાં ગઠિયાનો ભેટો થઈ ગયો હતો. મહારાષ્ટ્રના સાહિલ નંદકિશોર નથાણી અને રાજકોટના ઝુલેલાલનગર સિંધિ કોલોનીમાં રહેતા જિતેન્દ્ર અશોકભાઈ બસંતવાણીએ દીપકભાઈને ૫.૭ લાખ રૂપિયાના બદલામાં ૫૯૦૦ યુએસ ડોલર આપવાની વાત કરી પૈસા સાહિલના ખાતામાં જમા કરાવી લીધા હતા. જો કે ડોલર આપવાની જગ્યાએ બન્નેએ હાથ ઊંચા કરી દેતાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પછી સાયબર ક્રાઈમે મહારાષ્ટ્ર જઈ બન્નેને શોધી કાઢી રાજકોટ લાવી હતી.

# સ્વાતિ પાર્ક મેન રોડ પર ટ્રાન્સપોર્ટની ઓફિસ બહાર વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

- નશ્યામ નગર નો બુટલેગર પાસા માં વડોદરા જેલમાં ધકેલાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની ભાગોળે સ્વાતિ મેઈન રોડ પર રિદ્ધિ સિદ્ધિ સોસાયટી પાછળ શિવાલય ઈન્ડસ્ટ્રીઝ કિયા શક્તિ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટ ની બહાર એક શખ્સને ગુના નિવારણ શાખા ની ટીમે વિદેશી દારૂ ના જથ્થા સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે

અંગેની માહિતી મુજબ ગુના નિવારણ શાખાના પીઆઈ ગોંડલીયા ની સૂચનાથી પીએસઆઈ એમ જે હું ના માર્ગદર્શન હેઠળ એએસઆઈ મહિપાલસિંહ તથા હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ અને હરદેવસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્વાતિ મેઈન રોડ પર રિદ્ધિ સિદ્ધિ સોસાયટી પાછળ આવેલ ટ્રાન્સપોર્ટની ઓફિસની બહારથી સતીશકુમાર ઈશ્વરસિંહ ઘસવા રહે બાલાજી રેસીડેન્સી ફ્લેટ આંગન સીટી ની સામે વાવડી નમના સક્ષને દબોચી લઈ ₹૫૪,૦૦૦ ની કિંમત નો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો બનાવમાં અગાઉ વિદેશી દારૂના ગુનામાં પકડાયેલા બુટલેગરો સામે પોલીસે લાલ આંખ કરી છે ત્યારે ઘનશ્યામ નગર શેરી નંબર પાંચમાં આનંદ એવન્યુ મેન રોડ પર સેટેલાઈટ ચોક પાસે મોરબી રોડ પર રહેતો દિનેશ ઉર્ફે સાગર વિજય ગોસ્વામી નમના બુટલેગરને ગુના નિવાસ શાખાની ટીમે અટકાયતમાં લઈ તેના પાસા ના કાગડો તૈયાર કરી વડોદરા જેલમાં તકલી દેવામાં આવ્યો છે

# કુવાડવા હાઈ-વે પર હિટ એન્ડ રનમાં ૩૬ વર્ષીય યુવકનું મોત



રાજકોટ અમદાવાદ હાઈવે પર કુવાડવા ગામ પાસે આવેલ દેવાબાપાની જગ્યા પર ચોટીલાના મોટી મોલડી ગામેથી ચાલીને આવતા ૩૬ વર્ષીય યુવકને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા યુવકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે ગુન્હો નોંધાવવા તજવીજ હાથ ધરી છે. ચોટીલાના મોટી મોલડી ગામે રહેતો પ્રકાશભાઈ વિરજીભાઈ મેઘાણી ઉ.૩૬ ગઈકાલે સવારે ૭.૩૦ વાગ્યા આસપાસ કુવાડવા ચોટીલા હાઈવે પર દેવાબાપાની જગ્યા પાસે ચાલીને જતો હતો ત્યારે અજાણ્યો વાહનચાલક ઠોકરે લઈ ભાગી ગયો હતો. બનાવમાં યુવકને ગંભીર ઈજા થતાં તુરંત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ પરંતુ અહિ તેણે દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. ઘટના અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતક પ્રકાશભાઈ ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો અને પાંચ ભાઈમાં બીજો હતો.ઘટના અંગે કુવાડવા રોડ પોલીસે મૃતક યુવકના પરિવારનું નિવેદન નોંધી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર મુસાફરો ભરેલી રીક્ષાને ટકકર મારતા સર્જાયો અકસ્માત

શહેરના કાલાવડ રોડ પર અવાર નવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે ગયા રવીવારે અકસ્માતની ઘટનામા ખાણીપીણીની દુકાનનાં ધંધાર્થીનું અકસ્માતમા મોત થયા બાદ ગઈકાલે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી હતી . આ ઘટનામા કાલાવડ રોડ મોટા મવામા આવેલા બીટ એન્ડ બાઈટ સ્પોર્ટસ કલબ પાસે હતી પુરઝડપે જઈ રહેલા કાર ચાલકે મુસાફર ભરેલી રીક્ષા સાથે અકસ્માત રાણાભાઈ જીવાભાઈ ડુકડીયા (ઉ. વ. ૪૫) ને ઈજા થઈ હતી. જયારે તેમની પુત્રીને સામાન્ય ઈજા થઈ હતી. ત્યારબાદ કોઈએ ૧૦૮ ને જાણ કરતા રાણાભાઈને સારવાર માટે સિવીલ હોસ્પીટલે લઈ જવાયા હતા. રાણાભાઈએ જણાવ્યુ હતુ કે તેઓ મેટોડામા રહેતા સબંધીને ત્યા આવ્યા હતા અને દિકરીનુ ઓપરેશન કરાવવા અમદાવાદ જવાનુ હોવાથી તેઓ રીક્ષામા બેસી ઈન્દીરા સર્કલ પાસેથી બસમા બેસવાનાં હતા. આ પહેલા જ અકસ્માતની ઘટના બનતા પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

# વીરડા વાજડી ગામે બે વર્ષની બાળકી રમતા રમતા પાણીની કુંડીમાં પડી જતા મોત

વીરડા વાજડી ગામે રહેતા શ્રમિક પરિવારની બે વર્ષની માસુમ બાળકી રમતા રમતા પાણીની કુંડીમાં પડી જતાં બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી. જ્યાં બાળકીનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ અંગે ની વિગત મુજબ રાજકોટ નજીક કાલાવડ રોડ પર આવેલા વીરડા વાજડી રોડ ઉપર આવેલા પરિવારની ગંગા કુમારી કુંદન કુમાર સીંગ નામની બે વર્ષની માસુમ બાળકી સવારના ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે રમતી હતી ત્યારે અકસ્માતે રમતા રમતા પાણી ભરેલી કુંડીમાં પટકાઈ હતી. માસુમ બાળકીને બેસુધ્ધ હાલતામાં તાત્કાલીક સારવાર હેઠળ જનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં માસુમ બાળકીની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવાપામી છે.

# મોરબી રોડ પર હત્યાની કોશીષના ગુન્હામાં આરોપીને ૧૦ વર્ષની સજા

શહેરના મોરબી રોડ પર પાંચ વર્ષ અગાઉ પાનની દુકાને બેઠેલા યુવક પર જીવલેણ હુમલો કરી છરીના ૪ ઘા ઝીંકી દેવામાં આવ્યા હતા. આ બનાવમાં અદાલતે આરોપી પિન્ટુ મકવાણાને તસ્કીરવાન ઠેરવી ૧૦ વર્ષની સજા ફટકારી છે. આ કેસની હકિકત મુજબ, ગત તારીખ ૨૦/૧૧/૨૦૨૦ ના રોજ આરોપી પિન્ટુ ધીરુભાઈ મકવાણા ઈજા પામનાર મેરૂ માધાભાઈ શિયાળ, ઉ.વ.૨૦ ની મોરબી રોડ પર આવેલી ડીલકસ પાન નામની દુકાને જઈ ઝઘડો કરી છરીના ૪ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જે બાદ પોલીસે ગુન્હો નોધી આરોપી પિન્ટુ ધીરુભાઈ મકવાણાની ધરપકડ કરવામાં આવી હતી. કેસ ચાલવા ઉપર આવતા સરકાર તરફે બનાવ અંગેના પુરાવાઓ રજુ કરી કરવામાં આવેલી ધારદાર દલીલો અને રજૂઆતોને ધ્યાનમાં લઈને અદાલતે હત્યા કોશિષના ગુન્હામાં આરોપી તસ્કીરવાન ઠેરવી પિન્ટુ મકવાણાને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે વોરા રોકાયેલા હતા.

# નાનામવા રોડ પર સામાન્ય અકસ્માત થતા પોલીસમેને યુવાનને ધોકા ફટકાર્યા


## પાછળથી કાર અથડાવી બાદ ખાનગી ડ્રેસમાં ટ્રાફીક પોલીસનો વિડીયો વાયરલ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નાનામવો રોડ પર સામાન્ય અકસ્માતમાં ટ્રાફિક પોલીસના જવાને બાઈક સવાર બે યુવાનો પર ધોકાવડે હુમલો કરી મારમારતા ચકચાર મચી જવા પામી છે. કાળા કાચ વાડી પોલીસ લેખલી કાર બાઈક સાથે અથડાતા બાઈક ચાલક યુવાને કાર સરખી રીતે ચલાવવાનું કહેતા ઉશ્કેરાયેલા પોલીસ જવાને ધોકા સાથે કારમાંથી ઉતરી ધમાલ મચાવી હતી. મારામારી કરનાર પોલીસ જવાન દારૂના નશામાં હોવાની આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. મારામારીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક નજીક ભારતીનગર શેરી વિકીકત માં મામેલા (ઉ.વ.૨૦) નામનો યુવાન તેના લઈ ફસ્પીડવેલ પાટીલ પ્લોટે પાસે રામનવમી હોવાથી રાત્રીના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે નાનામવા રોડ પર શાસ્ત્રીનગરના ગેઈટ પાસે પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે બાઈક સાથે અથડાવતા યુવકોએ બાઈક ઉભું રાખી કાર ચાલકને કાર સરખી ચલાવવાનું કહેતા તે ગુસ્સે થઈ ધોકા સાથે કારમાંથી નીચે ઉતરી યુવકો ઉપર ધોકા વડે હુમલો કર્યો હતો. જાહેરમાં મારામારી સર્જતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. કાર ચાલક પોલીસ કર્મી હોવાનું અને કાળા કાચ વાડી પોલીસ લખેલી કાર હોવાનું જાણવા મળ્યુ હતુ. વધુમા યુવકોએ કાર ચાલક ટ્રાફિક પોલીસમાં હેડકોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો દિવ્યરાજસિંહ જાડેજા હોવાનું અને બનાવ સમયે પોલીસ કર્મી દારૂના નશામાં હોવાનું આક્ષેપ કર્યો હતો. આ ઘટનામાં દિપક ધામેચા અને તેના મિત્ર લખન જીતેન્દ્રભાઈ ઘેડીયાને ઈજા થતા બંન્ને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સામાન્ય રીતે જાહેરમાં હુમલો કરનાર આરોપીઓનુ પોલીસ દ્વારા સરઘસ કાઢવામાં આવે છે. ત્યારે આ બનાવમાં પણ ભોગ બનાર દ્વારા હુમલો કરનાર પોલીસ કર્મી વિરૂધ્ધ કડક પગલા લઈ તેનું સરઘસ કાઢવામાં આવે તેવી માંગ કરી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# બજરંગવાડીમાં રહેતા એડવોકેટનું હૃદય થંભી જતા મોતઃ પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં હૃદયરોગના હુમલાથી મોતનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે વધુ બે લોકોના હાર્ટ એટેકથી મોત નિપજયાં હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

શહેરના બજરંગવાડી શેરી નં ૧૨માં રહેતા ધર્મેશભાઈ નટવરલાલ ચાવડા ઉ.૫૨ નામના એડવોકેટ રાત્રીના ઘરે એકાએક બેભાન થતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.જયાં ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા હતા.બેભાઈમાં નાના હતા.હાર્ટ એટેકથી મોત નિપજયું હોવાનું તબીબે જાહેર કરતા પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે. અને મૂળ ઉપલેટાના નાગોવરના વતની - ભીમાભાઈ જોધાભાઈ ગોઠીવાડીયા ઉ.૬૦ લોઠડા ગામે આવેલ વડાલીયા ફિલ્ટર પ્લાન્ટ નામના કારખાનામાં હતા.ત્યારે બેભાન હાલતમાં ખસેડતા તબીબે તપાસી મૃત જાહેર કરતા આજીડેમ પોલીસનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક છ ભાઈ અને એક બહેનમાં નાના હતા.અહીં કારખાનામાં સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતા. હૃદયરોગના હુમલાથી મોત નિપજતા બે સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.